# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) **એપ્રિલ 2005 પહેલાં જોડાયેલાં રાજ્ય સરકારનાં કર્મચારીઓને છઠ્ઠાને બદલે સાતમા પગાર પંચ મુજબ ભથ્થાં અપાશે.**
2) **2005 પહેલાંનાં કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાની જાહેરાતઃ વય નિવૃત્તિ કે અવસાન ગ્રેજ્યુઇટીની રકમમાં પણ વધારો**
3) **આજથી 15 ઓક્ટોબર સુધી રાજ્યમાં વિકાસ સપ્તાહનું આયોજન**
4) **નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ગુજરાત ATS સાથે મળીને ભોપાલમાંથી 1 હજાર 800 કરોડ રૂપિયાનો માદક પદાર્થ જપ્ત કર્યો**
5) **આજે વિશ્વ કપાસ દિવસઃ દેશમાં કપાસ ઉત્પાદનમાં ગુજરાત બીજા ક્રમે**
6) **જુડોની અન્ડર-14 રાષ્ટ્રીય સ્પર્ધામાં રાજ્યનાં ખેલાડીઓ બે સુવર્ણ અને બે રજતચંદ્રક જીત્યા**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ALLOWANCES OF EMPLOYEES

રાજ્ય સરકારનાં કર્મચારીઓને છઠ્ઠાને બદલે સાતમા પગારપંચ મુજબ ભથ્થાં આપવાનો અને 2005 પહેલાંનાં કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત વય નિવૃત્તિ કે અવસાન ગ્રેજ્યુઇટીની રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારનાં કર્મચારીઓની ઉચ્ચક બદલી દરમિયાન મુસાફરી ભથ્થું અને વયનિવૃતિ સમયનું ઉચ્ચક મુસાફરી ભથ્થું સાતમાં પગાર પંચ પ્રમાણે આપવામાં આવશે.

ગઈ કાલે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, કર્મચારીઓને હાલમાં ચાર્જ એલાઉન્સ બેઝિક પગારના 5 કે 10 ટકા આપવામાં આવે છે, જે હવે સાતમાં પગાર પંચ મુજબ આપવામાં આવશે.

અંદાજીત 60 હજાર 245 જેટલા અધિકારી-કર્મચારીઓની જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની રજૂઆતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો છે

શ્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું

(બાઇટ -ઋષિકેશ પટેલ- પ્રવક્તા મંત્રી )

---------------------------------------------------------------------

- --માહિતીખાતુ, પીટીસી, ગાંધીનગર, અનિલ -(NAVIN)

# REV CABINET MEET

રાજ્યમાં આજથી 15મી ઑક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે. વર્ષ 2001માં સાતમી ઑક્ટોબરે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના 14મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધી 23 વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા લોકો સમક્ષ રજૂ કરવા હવે દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવાશે. ગઈકાલે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ‘આ સપ્તાહ દરમિયાન ભારત વિકાસ પ્રતિજ્ઞા, યુવા વર્ગની સહભાગિતા અંગે શાળા-કૉલેજમાં નિબંધ સ્પર્ધા સહિતના વિશેષ કાર્યક્રમ યોજાશે. દરમિયાન 3 હજાર 500 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરાશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, ‘રાજ્યના 23 જેટલા પ્રતિકાત્મક સ્થળ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને પરિચિત કરાશે. તેમજ ‘વિકાસ સપ્તાહ’ હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્ર મોદીની સુશાસનની પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે

---

- - પીટીસી ગાંધીનગર રીપીટ

# MP DRUGS SEIZED

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો - NCBએ ગુજરાત ATS સાથે મળીને મધ્યપ્રદેશના ભોપાલમાંથી 1 હજાર 800 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થનો જથ્થો જપ્ત કરીને બે જણની ધરપકડ કરી છે. આ માદક પદાર્થ ભોપાલ નજીક બગરોડા ગામમાં કાર્યરત્ કારખાનામાંથી મળી આવ્યું છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ સમાચારની પુષ્ટિ કરી હતી અને માદક પદાર્થના દુરૂપયોગ સામેની લડતમાં ગુજરાત ATS અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આ સિદ્ધિ માદક દ્રવ્યોની હેરાફેરી અને દુરુપયોગ સામે લડવામાં અમારી કાયદા અમલીકરણ એજન્સીઓના અથાગ પ્રયાસોને દર્શાવે છે.

---------------------------------------------------------------------

- રીપીટ

# WORLD COTTON DAY

આજે વિશ્વ કપાસ દિવસ છે. કપાસ ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, 'ગુજરાત કપાસની ખેતીમાં 26 લાખ 8 હજાર હેક્ટર વાવેતર વિસ્તાર, 92 લાખ ગાંસડી ઉત્પાદન અને 589 કિલો પ્રતિ હેકટરની રૂ ઉત્પાદકતા સાથે દેશમાં બીજા નંબરે આવે છે. રાજ્યના અર્થતંત્રમાં કપાસની ભૂમિકા મહત્વપૂર્ણ છે. રાજ્યની સ્થાપનાથી લઈ અત્યાર સુધીમાં રાજ્યમાં કપાસ ઉત્પાદકતામાં 459 પ્રતિહેક્ટર કિલોનો વધારો થયો છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, 'ભારતે વર્ષ 2021માં વિક્રમજનક 10 લાખ 787 મિલિયન ડૉલરની કિંમતના કપાસની નિકાસ કરી હતી. રાજ્ય સરકારની અનેક યોજનાઓ અને કપાસ સંવર્ધનના પ્રયાસોના પરિણામે આવનારા સમયમાં ગુજરાત સમગ્ર દેશના કપાસ ઉત્પાદનનું કેન્દ્ર બનશે અને દેશના કુલ કપાસ ઉત્પાદનમાં રાજ્યનું યોગદાન સૌથી વધુ રહેશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# NAVRATRI 5TH DAY

આજે નવલી નવરાત્રીનો પાંચમો દિવસ છે. નવરાત્રીના પાંચમા નોરતે મા સ્કન્ધમાતાની આરાધના કરવામાં આવશે. માના આ સ્વરૂપમાં ચાર ભૂજાઓ છે તેમની જમણી બાજુની ભૂજામાં ભગવાન સ્કન્ધને ખોળે બેસાડયા છે તેઓ કમળના આસન પર બિરાજે છે તેમનું વાહન સિંહ છે. મા નું આ સ્વરૂપ મોક્ષદાયી છે.

દરમિયાન સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગઈ કાલે નવરાત્રી ના ચોથા દિવસે ભક્તો ની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારે મંગળા આરતીના પ્રારંભથી જ ભક્તો મોટી સંખ્યામાં માતાજીના દર્શન માટે આવ્યા હતા. ચાંપાનેર થી માંચી સુધી અને માંચીથી નિજ મંદિર સુધી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

એક અંદાજ મુજબ દોઢ લાખ જેટલાં ભક્તોએ મહાકાળી માતાજીના દર્શન નો લાભ લીધો હતો.

---

- આર્કાઇવઝ, હિંદુસ્તાન સમાચાર, અનિલ પટેલ -(NAVIN)

# Pali Language Patan

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પ્રાકૃત અને પાલી ભાષાને શાસ્ત્રીય ભાષા તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે પાટણ એ પ્રાચીન સમયથી પ્રાકૃત ભાષાનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. શબ્દાનુશાસન ગ્રંથ ના આઠમા અધ્યાયમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ 1000 થી વધારે સૂત્રોમાં રજૂ કરાયું છે. આ વ્યાકરણ સમગ્ર ભારતના પ્રાકૃત ભાષાના વિદ્વાનોમાં લોકપ્રિય અને પ્રમાણભૂત માનવામાં આવે છે.

પાટણમાં આજે પણ શાળા તેમજ કોલેજમાં પ્રાકૃતના વિદ્યાર્થીઓ સૌથી વધારે સંખ્યામાં છે. પ્રાકૃતના શૈક્ષણિક શોધ અને સંશોધન માટે પાટણ મહત્વનું કેન્દ્ર બન્યું છે.

પ્રાકૃત ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળતા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કેમ્પસ વિકાસ અધિકારી અને પાટણ આર્ટસ કોલેજના આચાર્યએ આનંદની લાગણી વ્યક્ત કરી છે.

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ નીકીતા

-(NAVIN)

# Judo competition

મહેસાણા ખાતે ચાલી રહેલી અંડર 14 રાષ્ટ્રીય જુડો સ્પર્ધામાં રાજ્યના ખેલાડીઓએ બે સુવર્ણ અને બે રજત ચંદ્રક જીત્યા છે.

આ સ્પર્ધામાં રાજ્યના ખેલાડીઓએ નોંધપાત્ર દેખાવ કરતાં પૂર્વી પઢિયારે 23 કિલો વજન વર્ગમાં અને સેજલ ઠાકોરે 32 કિલો વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે. જયારે શાહનવાઝ મજગુલે 30 કિલો વજન વર્ગમાં અને રૂદ્ર ઠાકોરે 35 કિલો વજન વર્ગમાં રજત ચંદ્રક જીત્યા છે.

----------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, નિકીતા- -(NAVIN)

# GIR SOMNATH VANY JIV SEMINAR AND HEALTH CAMP

ગીર સોમનાથના તાલાલા તાલુકામાં ધણેજ બાકુલા ગામ ખાતે વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહને અનુલક્ષીને "સહ-અસ્તિત્વ દ્વારા વન્યજીવ સંરક્ષણ" વિષય પર સેમિનાર યોજાઇ ગયો, જેમાં જાહેર જનતા સાથે વન્યપ્રાણી સહ-અસ્તિત્વ અંગે સંવાદ કરાયો હતો. અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે, આ કાર્યક્રમના ભાગરૂપે વન વિભાગ અને સામાજિક સંસ્થાના ઉપક્રમે નિઃશુલ્ક નિદાન અને રક્તદાન શિબિરમાં 45 લાભાર્થીને PMJAY-આયુષ્યમાન કાર્ડ કાઢી અપાયા હતા. રકતદાન શિબિરમાં રક્તની 30 બોટલ એકત્રિત કરાઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પીટીસી, ગીર સોમનાથ ,કરણ,(પ્રવિણ)

# DANG SAMPOORNATA ABHIYAN

ડાંગ જિલ્લાના સુબિર તાલુકા ખાતે નીતિ આયોગના ત્રિ-માસિક “સંપૂર્ણતા અભિયાન”નું સમાપન થયું છે. ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, આ ત્રણ મહિના દરમિયાન તમામ વિભાગ દ્વારા આરોગ્ય ક્ષેત્રે 3, પોષણ ક્ષેત્રના એક, ખેતીવાડીના એક, જિલ્લા ગ્રામવિકાસ સંસ્થાના એક મળી કુલ 6 સૂચકને સેચ્યુરેશન લેવલ એટલે કે, સંતૃપ્તિ સ્તર સુધી લાવવા આપેલા લક્ષ્યાંકો પૂર્ણ કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, “સંપૂર્ણતા અભિયાન”ના સમાપનના ભાગરૂપે  મહાત્વાકાંક્ષી તાલુકા સુબીર ખાતે સમાપન સમારોહ યોજાયો હતો, જેમાં આ અભિયાન દરમિયાન થયેલી કામગીરીનો ચિતાર રજૂ કરી, શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓને પ્રોત્સાહિત કરી તેમને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

PTC – DANG- PRAVESH,(પ્રવિણ)